RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk


# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 325 *Date: 15.09.2025,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


# કરો યા મરો, બીજો કોઈ રસ્તો જ નથી.. લંડનમાં ભડકેલા વિરોધની આગમાં મસ્કે ઘી કેમ હોમ્યું?



બ્રિટનમાં ઈમિગ્રેશન સામે આંદોલનની આગ ભયંકર સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. લંડનમાં ઈમિગ્રેશન વિરોધી કાર્યકર્તા ટોમી રોબિન્સનના નેતૃત્વમાં લાખો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ દરમિયાન દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે પણ આગમાં ઘી હોમવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, 'હવે બ્રિટનમાં સત્તા પરિવર્તનની જરૂર છે. દેખાવકારો વિરોધીઓ પાસે કરો યા મરો સિવાય બીજો કોઈ રસ્તો જ નથી.

બ્રિટનમાં આંદોલન અંગે દુનિયાનો સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે કહ્યું કે બ્રિટનની અવદશા શરૂ થઈ ગઈ છે અને આવનારા સમયમાં તે સમગ્ર દેશનો વિનાશ તરફ દોરી જશે. મોટા પાયે માઈગ્રેશનના કારણે બ્રિટનમાં સંકટ સર્જાઈ રહ્યું છે. મોટી હિંસા થવાની છે. આવી સ્થિતિમાં દેખાવકારો પાસે ફક્ત કરો યા મરો સિવાય બીજો કોઈ રસ્તો જ નથી.'

યુકેના પ્રધાનમંત્રી કીર સ્ટારમરને લઈને ઈલોન મસ્કે કહ્યું, મારો સંદેશ એ છે કે હિંસાની આગ ચોક્કસ તમારા સુધી પહોંચશે. આવી સ્થિતિમાં તમારે લડવું પડશે. તમે ઈચ્છો કે ન ઈચ્છો, હિંસા થશે જ. મને લાગે છે કે હવે કીર સ્ટાર્મરના નેતૃત્વ હેઠળની લેબર સરકારને ઉથલાવી પાડવાની જરૂર છે. તમારી પાસે ચાર વર્ષ નથી. આગામી ચૂંટણીઓ માટે હજુ ઘણો સમય છે. પહેલા કંઈક કરવું જોઈએ. સંસદનું વિસર્જન કરવું જોઈએ અને ફરીથી મતદાન કરાવવું જોઈએ.

લંડનની આ રેલીને અભિવ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટેના આહ્વાન તરીકે વર્ણવવામાં આવી હતી, પરંતુ આ દરમિયાન ઈમિગ્રેશનનો મુદ્દો પ્રબળ રહ્યો. દેખાવકારો વારંવાર 'અમને આપણો દેશ પાછો જોઈએ છે' જેવા નારા લગાવી રહ્યા હતા. દેખાવકારો અને પોલીસ વચ્ચે ઘર્ષણના અહેવાલો પણ આવ્યા હતા. રોબિન્સન યુનાઈટેડ કિંગડમમાં એક અગ્રણી જમણેરી નેતા છે અને ઈંગ્લિશ ડિફેન્સ લીગ (ઈડીએ)નું નેતૃત્વ કરે છે જે મુખ્યત્વે ઈમિગ્રેશન મુદ્દાઓ સાથે સંબંધિત છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં નેપાળમાં બે દિવસીય આંદોલને ત્યાંની ડાબેરી સરકારને ઉથલાવી દીધી છે. હવે બ્રિટનમાં આ પ્રદર્શનને પણ નેપાળ જેવું જ ગણાવવામાં આવી રહ્યું છે.

## સ્કૂલમાં ક્લાસરૂમને જ ડ્રગ્સની 'ફેક્ટરી' બનાવી, હૈદરાબાદમાં ૩ ભેજાબાજ પકડાયા



પોલીસે હૈદરાબાદની એક ખાનગી શાળામાં ચાલી રહેલા ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો છે અને તેના ડિરેક્ટર સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. મેધા સ્કૂલના ડિરેક્ટર માલેલા જયા પ્રકાશ ગૌડેએ વર્ગખંડો અને પ્રતિબંધિત વિસ્તારોમાં નાર્કોટિક પદાર્થનો ઉપયોગ કરી અલ્પ્રાઝોલમ નામનું ડ્રગ બનાવવાની સુવિધા ઉભી કરી હતી.તેલંગાણા પોલીસની એલીટ એક્શન ગ્રુપ ફોર ડ્રગ લૉ એન્ફોર્સમેન્ટ ટીમે આ ખાનગી શાળામાંથી આઠ રિએક્ટર અને ડ્રાયર્સથી સજ્જ એક કેમિસ્ટ્રી લેબ શોધી કાઢી હતી. જેમાં મોટા પાયે ડ્રગ ઉત્પાદન થઈ રહ્યું હતું. પોલીસે ૭ કિગ્રા અલ્પ્રાઝોલમનો જથ્થો, રૂ. ૨૧ લાખની રોકડ, અને ડ્રગ્સ બનાવવા વપરાતું કેમિકલ અને સાધનો જપ્ત કર્યા હતા.

## નેપાળ હિંસામાં ૩૦થી વધુ પોલીસ ચોકી અને સ્ટેશન ફૂંકી મરાયા, સ્વયંસેવકોએ સફાઈ શરૂ કરી

નેપાળના પૂર્વ ચીફ જસ્ટિસ સુશીલા કાર્કી વચગાળાના વડાપ્રધાન બન્યા પછી, નેપાળના રસ્તાઓ પર શાંતિ છે અને હિંસા બંધ થઈ ગઈ છે. પરિસ્થિતિ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે. પરંતુ જે હિંસા ફાટી નીકળી હતી, તેમાં કાઠમંડુ ઘાટીમાં ૩૦થી વધુ પોલીસ ચોકી અને પોલીસ સ્ટેશન ફૂંકી મરાયા હતા.પ્રાપ્ત માહિતી પ્રમાણે સ્વયંસેવકો અને યુવાનોએ કાઠમંડુના હિંસાગ્રસ્ત રસ્તાઓ અને કાટમાળની સફાઈ કરી રહ્યા છે. કાટમાળ વચ્ચે પોલીસ સ્ટેશનમાં એક કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે. મદદ માટે સતત કોલ પણ આવી રહ્યા છે.

આજથી પશુપતિનાથ મંદિર તમામ ભક્તો માટે ખુલ્લું મુકાયું છે. નેપાળમાં આજે મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શક્યતા છે. રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી દીધી હોવાથી નેપાળના રાજકારણમાં આગળ શું થશે તેના પર બધાની નજર છે.સુશીલા કાર્કીના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારની ભલામણ પર સંસદ ભંગ કર્યા પછી, રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે એ પણ જાહેરાત કરી હતી કે આગામી ૫ માર્ચ ૨૦૨૬ના રોજ નવી ચૂંટણીઓ યોજાશે. તમને જણાવી દઈએ કે નેપાળમાં એક અઠવાડિયા સુધી હિંસક વિરોધ પ્રદર્શનો થયા હતા, ત્યારબાદ તત્કાલીન પીએમ કેપી શર્મા ઓલીને તેમના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું અને સુશીલા કાર્કીના નેતૃત્વ હેઠળ વચગાળાની સરકારની રચના કરવામાં આવી હતી.



નેપાળમાં થયેલા હિંસક પ્રદર્શનોમાં ૫૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. વચગાળાની સરકારની રચના પછી રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી દીધી, જેનો નેપાળી કોંગ્રેસ, નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી (યુનિફાઈડ માર્ક્સિસ્ટ લેનિનિસ્ટ) અને નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી સેન્ટર) સહિત લગભગ તમામ મુખ્ય રાજકીય પક્ષો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા જારી કરાયેલ નોટિફિકેશન પ્રમાણે ૧૨ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૧૧:૦૦ વાગ્યાથી સંસદ ભંગ કરવામાં આવી હતી.

## ટીવી રિમોટ માટે ઝઘડો થતાં કળીયુગી દીકરાએ માતાની કરી હત્યા, આજીવન કેદની સજા

ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં પોતાની માતાની હત્યા કરનાર ભારતીય મૂળના એક વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કોર્ટના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે દોષિતે ઓછામાં ઓછા ૧૫ વર્ષ જેલમાં વિતાવવા પડશે. આ પછી જ તેના પેરોલ માટે વિચારવામાં આવશે. દોષિત સુરજીત સિંહે તેની ૭૬ વર્ષીય માતા મોહિન્દર કૌરની હત્યાની કબૂલાત કરી હતી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અનેક વખત છરા માર્યા બાદ થયેલી ઈજાઓને કારણે કૌરનું મૃત્યુ થયું હતું.બર્મિંગહામ ક્રાઉન કોર્ટમાં સુરજીત સિંહને સજા ફટકારવામાં



આવી હતી. તેણે નજીવી તકરારમાં માતાની નિર્દયી હત્યા કરી હતી. નશામાં ધૂત સિંહે ટેલિવિઝન રિમોટના વિવાદને કારણે તેની માતા પર જીવલેણ હુમલો કર્યો હતો. વેસ્ટ મિડલેન્ડ્સ પોલીસના તપાસકર્તા નિક બાર્ન્સે જણાવ્યું કે, આ નિર્દયી હત્યાના કારણે એક આખો પરિવાર વિખેરાઈ ગયો છે અને અમારી સહાનુભૂતિ તેના તમામ પીડિતો સાથે છે. પુત્ર નશાની હાલતમાં હોવાથી માતાએ તેને ઠપકો આપ્યો હતો. બાદમાં ટીવીના રિમોટ મામલે નજીવી તકરાર થઈ હતી. તેમાં પુત્રે ભાન ભૂલાવી માતા પર નિર્દયતાપૂર્વક હુમલો કરી દીધો હતો.સુરજીત સિંહ બર્મિંગહામના સોહો વિસ્તારમાં તેની વિધવા માતા સાથે રહેતો હતો. તેણે પોલીસ કસ્ટડીમાં જણાવ્યું હતું કે, 'મારો હત્યા કરવાનો કોઈ ઈરાદો નહોતો. મેં ફક્ત મારું સંતુલન ગુમાવ્યું.' પોલીસે જણાવ્યું હતું કે મોહિન્દર કૌર પર ચાકુ વડે અનેક ઘા મારવામાં આવ્યા હોવાથી મોત થયુ હતુ.

## પાકિસ્તાની સેનાએ ખૈબર પખ્તૂનખ્વામાં ૪૫ આતંકીઓનો કૂરદો બોલાવ્યો, ૧૯ સૈનિક ગુમાવ્યાં

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં થયેલી અથડામણમાં ૧૯ સૈનિકોના મોત થયા છે. બીજી તરફ પાકિસ્તાની સેનાએ દાવો છે કે ૪૫ આતંકવાદીઓનો કૂરદો બોલાવી દીધો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે આતંકવાદીઓ સામે સંપૂર્ણ તાકાતથી જવાબ આપવાની વાત કહી છે.

પાકિસ્તાની સેનાના જણાવ્યા પ્રમાણે ૧૦ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ત્રણ અલગ અલગ હિસ્સોમાં થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા છે.એક અહેવાલ પ્રમાણે વડાપ્રધાન શહબાઝ શરીફે આર્મી ચીફ ફિલ્ડ માર્શલ આસિમ મુનીર સાથે બન્નુની મુલાકાત લીધી હતી અને એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાજરી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, આતંકવાદ સામે પાકિસ્તાનનું અભિયાન સંપૂર્ણ તાકાતથી ચાલુ રહેશે અને કોઈ પણ પ્રકારની સમાધાન કે અસ્પષ્ટતાને સાંખી લેવામાં આવશે નહીં.

શહબાઝ શરીફે આરોપ લગાવ્યો કે, 'પાકિસ્તાનમાં હુમલાઓ માટે જવાબદાર આતંકવાદી નેતાઓ અને માસ્ટરમાઈન્ડ અફઘાનિસ્તાનની ધરતી પરથી પોતાની ગતિવિધિઓ ચલાવી રહ્યા છે.' આતંકવાદી ઘટનાઓમાં ઘૂસણખોર અફઘાન નાગરિકોની સંડોવણીનો દાવો કરીને, તેમણે હાલમાં પાકિસ્તાનમાં રહેતા ગેરકાયદેસર અફઘાનીઓને સ્વદેશ વાપસીની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો.શહબાઝ શરીફે કહ્યું કે, પાકિસ્તાન આતંકવાદના મુદ્દા પર રાજકીયકરણ અને ભ્રામક નિવેદનોને નકારે છે. આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન અને ફિલ્ડ માર્શલે ઘાયલ સૈનિકોને મળવા માટે બન્નુના સૈન્ય હોસ્પિટલ પણ ગયા હતા.

## તંત્રી લેખ...

# જીએસટીમાં ઘટાડાનો લાભ ગ્રાહકોને મળે છે કે કેમ તેના પર નજર રહેશે

મુંબઈ : ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી) દરમાં ૨૨ સપ્ટેમ્બરથી થનારા ફેરબદલ બાદ સામાન્ય વપરાશની ચીજવસ્તુઓની કિંમતો પર નજર રાખવા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેકટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે (સીબીઆઈસી) તેના ફિલ્ડ ઓફિસરોને સૂચના આપી છે.

જીએસટીના દરમાં કરાયેલા ઘટાડાનો ગ્રાહકોને લાભ મળી રહે છે કે કેમ તેની ખાતરી રાખવા અંદાજે ૫૪ જેટલી ઉપભોગની ચીજવસ્તુઓ જેમ કે સાબુ, ટૂથપેસ્ટ, ટીવી, ચશ્મા, એસી, ચીઝ, બટર વગેરેની કિંમતો પર છ મહિના સુધી નજર રાખવા સૂચના અપાઈ હોવાનું સીબીઆઈસીના સુત્રોએ જણાવ્યું હતું.

૫૪ ચીજવસ્તુઓ જેના પર નજર નાખવાની રહેશે તેની ખાસ યાદી જાહેર કરવામાં આવી છે અને ફિલ્ડ ઓફિસરોને આ ચીજવસ્તુઓના ૨૨ સપ્ટેમ્બર પહેલાના ભાવ અને ત્યારપછીના ભાવની સરખામણી કરી લેવા ખાસ સૂચના આપવામાં આવી છે.

જીએસટી કાઉન્સિલે ૪૦૦ જેટલા માલસામાન તથા સેવા પરના જીએસટી દરમાં ફેરબદલ કર્યા છે જેમાંથી ૩૭૫ના દરમાં ઘટાડો કરાયો છે. ૧૩ જેટલી લકઝરી ચીજવસ્તુઓને ૪૦ ટકાના સ્તરમાં આવરી લેવાઈ છે.

સરકારે જાહેર કર્યા છે તે પ્રમાણે ભાવમાં ઘટાડો કરવામાં આવે તેની ઉદ્યોગો તથા ટ્રેડરોને સૂચના આપવામાં આવી છે. ઉત્પાદકો, પેકરો તથા આયાતકારોએ જીએસટીના નવા દર જાહેર કરાયા તે પહેલા ઉત્પાદિત થયેલા અથવા આયાત થયેલા પ્રોડકટસના નહીં વેચાયેલા સ્ટોકસ પર સુધારિત છૂટક ભાવ (એમઆરપી) જાહેર કરવાની રહેશે.

# વિનેશ ફોગાટ બાદ વધુ એક ભારતીય રેસલર ઓવરવેટને કારણે વર્લ્ડ ચેમ્પિયનશિપથી બહાર



વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં ભારતીય આશાઓને મોટો ઝટકો લાગ્યો છે. પેરિસ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અમન સેહરાવતને આ ટુર્નામેન્ટમાંથી ડિસક્વાલિફાઈ કરવામાં આવ્યો છે. અમન સેહરાવતનું વજન નિર્ધારિત મર્યાદાથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું. તે પુરુષોની ફ્રીસ્ટાઈલ ૫૭ કિલો વજન શ્રેણીમાં ભાગ લેવા જઈ રહ્યો હતો.અહેવાલો અનુસાર, કુશ્તીબાજ અમન સેહરાવતનું વજન ૧ કિલો અને ૭૦૦ ગ્રામ વધુ હોવાનું જાણવા મળ્યું હતું. નિયમો મુજબ, કુશ્તીબાજનું વજન તેની શ્રેણી સાથે બરાબર મેળ ખાતું હોવું જોઈએ. ફક્ત થોડા ગ્રામનો તફાવત તેને ટુર્નામેન્ટમાંથી બહાર કરી શકે છે. નોંધનીય છે કે, આ કારણોસર પેરિસ ઓલિમ્પિકમાં ફાઈનલ મેચ પહેલા રેસલર વિનેશ ફોગાટને ડિસક્વાલિફાઈ કરાઈ હતી. ત્યારબાદ ટાઈટલ મેચ પહેલા વિનેશનું વજન ૫૦ કિલો ૧૦૦ ગ્રામથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું.અમન સેહરાવત ૨૫ ઓગસ્ટના રોજ અન્ય ભારતીય કુશ્તીબાજો સાથે ક્રોએશિયાના ઝાગ્રેબ પહોંચ્યો હતો. તેની પાસે વજન ઉતારવા માટે પૂરતો સમય હતો. ૨૨ વર્ષીય અમન સેહરાવત છત્રસાલ સ્ટેડિયમમાં ટ્રેનિંગ લે છે. આ વખતે ભારત માટે મેડલના સૌથી મોટા દાવેદારમાંના એક તરીકે અમન સેહરાવતને ગણવામાં આવતો હતો.અમન સેહરાવત પેરિસ ઓલિમ્પિક્સ (૨૦૨૪)માં ભાગ લેનાર એકમાત્ર ભારતીય પુરુષ કુશ્તીબાજ હતો. અમને મેન્સ ફ્રીસ્ટાઈલ ૫૭ કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું ગૌરવ વધાર્યું હતું.

# કોલકાતા-આરજી કર કોલેજની વિદ્યાર્થિનીનું રહસ્યમય મોત




કોલકાતાના આરજી કર મેડિકલ કોલેજની છેલ્લા વર્ષની વિદ્યાર્થિનીનું શનિવારે માલદાની એક હોસ્પિટલમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. વિદ્યાર્થિનીની ઓળખ અનિંદિતા સોરેન (૨૪) તરીકે થઈ છે.વિદ્યાર્થિનીના પરિવારે તેના બોયફ્રેન્ડ ઉજ્જવલ સોરેન પર હત્યાનો આરોપ લગાવ્યો છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ઉજ્જવલે અનિંદિતાને ઝેર આપ્યું હતું, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.ગયા વર્ષે ૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ એક ટ્રેઈની ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી ત્યારે આરજી કર કોલેજ ચર્ચામાં આવી હતી. આરોપીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.દક્ષિણ દિનાજપુરના બાલુરઘાટની રહેવાસી અનિંદિતા અને ઉજ્જવલ વચ્ચે પ્રેમસંબંધ હતો. તે સોશિયલ મીડિયા પર ઉજ્જવલને મળી હતી. પછી બંનેએ એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું.પીડિતાની માતા અલ્પના ટુડુએ જણાવ્યું હતું કે તેમની પુત્રી લગ્ન કરવા માટે ઉજ્જવલ પર દબાણ કરી રહી હતી. તેથી જ બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ઉજ્જવલ હંમેશા તેની સાથે લગ્ન કરવાનો ઈનકાર કરતો હતો.

૮-૯ ઓગસ્ટની રાત્રે આરજી કર હોસ્પિટલમાં એક ટ્રેઈની ડોક્ટર યુવતી પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. ૯ ઓગસ્ટની સવારે સેમિનાર હોલમાં ડોક્ટર યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે ૧૦ ઓગસ્ટના રોજ સંજય રોય નામના સિવિક વોલંટિયરની ધરપકડ કરી હતી. ૨૦ જાન્યુઆરીના રોજ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ ઘટના બાદ કોલકાતા સહિત દેશભરમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. બંગાળમાં ૨ મહિનાથી વધુ સમય સુધી આરોગ્ય સેવાઓ ઠપ્પ રહી હતી.

# વરસાદના કારણે વૈષ્ણોદેવીની યાત્રા ફરી સ્થગિત:યુપીમાં ૪% ઓછો વરસાદ અને હિમાચલમાં ૧૩૩% વધુ વરસાદ, રાજસ્થાનથી ચોમાસુ વિદાય લેવાનું શરૂ








જમ્મુ અને કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે વૈષ્ણોદેવીની યાત્રા ફરી સ્થગિત કરવામાં આવી છે. ૧૯ દિવસ સુધી સ્થગિત રહ્યા બાદ, યાત્રા રવિવારથી શરૂ થવાની હતી, પરંતુ ભારે વરસાદને કારણે તેને આગામી આદેશ સુધી સ્થગિત કરવામાં આવી છે. ૨૬ ઓગસ્ટના રોજ, મંદિરના ટ્રેક પર ભૂસ્ખલનમાં ૩૪ યાત્રાળુઓના મોત થયા હતા.ઉત્તર પ્રદેશમાં સતત વરસાદ બાદ, ગંગા અને યમુના સહિતની નદીઓનું જળસ્તર હજુ પણ વધુ છે. બલિયાના ચક્કી નૌરંગા ગામમાં, ૫ ઘર અને ૫ દુકાનો નદીમાં ડૂબી ગયા. આ ચોમાસાની ઋતુમાં, રાજ્યમાં ૬૫૪.૨ મીમી વરસાદ પડ્યો છે જે ૬૭૯.૩ મીમીના સરેરાશ વરસાદ કરતા ૪% ઓછો છે.હિમાચલના મંડી જિલ્લાના ધરમપુરના સપડી રોહ ગામમાં શનિવારે ભૂસ્ખલન થયું હતું. કાટમાળ ઘણા ઘરો સુધી પહોંચી ગયો હતો. ૮ ઘરોને પણ ખાલી કરાવવામાં આવ્યા છે. રાજ્યમાં વરસાદ અને પૂરને કારણે મૃત્યુઆંક ૩૮૬ પર પહોંચી ગયો છે. રાજ્યમાં ૧૨ સપ્ટેમ્બર સુધીમાં ૧૩૩% વધુ વરસાદ નોંધાયો છે. આ સમયગાળામાં, ૬૪.૬ મીમી વરસાદની સરખામણીમાં ૧૫૦.૪ મીમી વરસાદ પડ્યો છે.રવિવારથી રાજસ્થાનના પશ્ચિમ ભાગમાંથી ચોમાસું વિદાય લેવાનું શરૂ કરી દીધું છે, પરંતુ મધ્યપ્રદેશમાં બે અઠવાડિયાનો સમય લાગી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યના માલવા-નિમાર ક્ષેત્રમાં ૧૬ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે.મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં ઉજની ડેમના ૧૬ દરવાજા ખોલ્યા બાદ, લગભગ ૨૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું, જેના કારણે ભીમા નદીના તટપ્રદેશમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. અધિકારીઓએ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે.શનિવારે સાંજે સિક્કિમના ગ્યાલશિંગ જિલ્લામાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થયું હતું. સરદુંગ લુંગજિક ગ્રામ પંચાયતના પ્રમુખ રાજેન ગુરુંગ (૪૭)નું ભૂસ્ખલનથી મૃત્યુ થયું હતું. રાજ્યના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગે તેમના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો.હિમાચલ પ્રદેશમાં આ ચોમાસાની ઋતુમાં પૂર અને વરસાદને કારણે અત્યાર સુધીમાં ૩૮૬ લોકોના મોત થયા છે. સરકારી અને ખાનગી સંપત્તિને ૪૫૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.હવામાન વિભાગે રવિવારે અરુણાચલ પ્રદેશના પાપુમ પારે, પૂર્વ કામેંગ, પશ્ચિમ કામેંગ, નામસાઈ, લોહિત, તિરાપ, લોંગડિંગ અને નીચલા સુબાનસિરી જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જારી કર્યુ હતું. આ સિવાય અપર સુબનસિરી, સિયાંગ બેલ્ટ, વેસ્ટ કામેંગ, તવાંગ, લોહિત, અંજાવ અને લોઅર દિબાંગ ઘાટીમાં રેડ એલર્ટ છે.છેલ્લા ૨૪ કલાકમાં, છત્તીસગઢમાં મોટાભાગના સ્થળોએ હળવો થી મધ્યમ વરસાદ પડ્યો છે. ભોપટલાપટ્ટનમમાં સૌથી વધુ ૫૨.૨ મીમી વરસાદ પડ્યો છે. આગામી ૩ દિવસ સુધી આ સ્થિતિ એવી જ રહેશે. રાજ્યમાં હળવો થી મધ્યમ વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગે રવિવારે રાજ્યના ૨૮ જિલ્લાઓમાં વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે.

# વિદેશી મ્યુ. ફંડોમાં રોકાણકારોનું રૂ.૫૦૦ કરોડનું રોકાણ

અમદાવાદ : વિદેશી મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં રોકાણકારોનો રસ ફરી વધી રહ્યો છે. આનું કારણ ટૂંકા ગાળામાં સ્થાનિક ભંડોળ કરતાં તેમના સારા પ્રદર્શન છે. ઓગસ્ટમાં, આ યોજનાઓમાં રૂ. ૫૦૦ કરોડનું ચોખ્ખું રોકાણ મળ્યું હતું, જે ઓક્ટોબર ૨૦૨૧ પછીનું સૌથી વધુ છે. આ ઉપરાંત, ૨૫,૫૦૦ નવા ખાતાઓનો ચોખ્ખો ઉમેરો પણ ૧૯ મહિનામાં સૌથી વધુ છે.વિદેશી રોકાણ માટે નિયમનકારી અભાવ છતાં મજબૂત રોકાણ આવી રહ્યું છે જ્યારે મોટાભાગની યોજનાઓ અરજી માટે બંધ છે. ભારતમાં ફંડ હાઉસની મોટાભાગની આંતરરાષ્ટ્રીય યોજનાઓ યુએસ અને ચીની શેરોમાં રોકાણ કરે છે અને બંને છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર રીતે વધ્યા છે. રૂપિયામાં ઘટાડાને કારણે, આંતરરાષ્ટ્રીય ભંડોળે સ્થાનિક ભંડોળ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

વેલ્યુ રિસર્ચના ડેટા દર્શાવે છે કે મીરા એસેટ હેંગ સેંગ ટેક ઈટીએફ, ડીએસપી વર્લ્ડ ગોલ્ડ માઈનિંગ ઓવરસીઝ ઈક્વિટી ઓમ્ની ફંડ ઓફ ફંડ્સ, મીરા એસેટ એનવાયએસઈ ફેંગ+ ઈટીએફ અને ઈન્વેસ્કો ઈન્ડિયા-ઈન્વેસ્કો ગ્લોબલ કન્ઝયુમર ટ્રેન્ડ્સ ફંડ ઓફ ફંડ્સ જેવી યોજનાઓએ એક વર્ષના સમયગાળામાં ૭૦ ટકાથી વધુ વળતર આપ્યું છે.



તાજેતરની તેજીથી તેમના ૩ વર્ષના પ્રદર્શનમાં પણ સુધારો થયો છે. ૩ વર્ષના સમયગાળામાં પાંચ અગ્રણી ઈક્વિટી સ્કીમમાંથી ચાર હવે આંતરરાષ્ટ્રીય ફંડ્સ છે.

સ્થાનિક ઈક્વિટી ફંડ્સનું પ્રદર્શન છેલ્લા એક વર્ષમાં મોટા પ્રમાણમાં ધીમું રહ્યું છે કારણ કે પ્રથમ છ મહિનામાં શેરના ભાવમાં ઘટાડો થયો હતો. નિષ્ણાતો કહે છે કે તુલનાત્મક પ્રદર્શન વૈશ્વિક વૈવિધ્યકરણની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે છે.આંતરરાષ્ટ્રીય ભંડોળમાં રોકાણ દ્વારા ભૌગોલિક વૈવિધ્યકરણના ફાયદા અનેક સ્તરે દેખાય છે. ભારત અન્ય દેશોની તુલનામાં પ્રમાણમાં ઊંચા ટેરિફનો ભોગ બન્યું છે અને ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે નબળો પડયો છે. પરંતુ રોકાણકારોએ ધ્યાનમાં રાખવું પડશે કે ઘણા આંતરરાષ્ટ્રીય બજારોમાં મૂલ્યાંકન તેમના લાંબા ગાળાના સરેરાશ કરતા વધારે છે. તેથી તેને લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જોવાની જરૂર છે.

મ્યુચ્યુઅલ ફંડ ઉપરાંત, ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) અને કેટલાક રોકાણ પ્લેટફોર્મ પણ રોકાણ વિકલ્પો પૂરા પાડે છે અને યુએસ અને અન્ય બજારોમાં સીધા ઈક્વિટી રોકાણને સરળ બનાવે છે.

ગિફ્ટ સિટી દ્વારા સંચાલિત ભંડોળમાં પણ આંતરરાષ્ટ્રીય રોકાણમાં વધારો જોવા મળી રહ્યો છે. જૂન સુધી વિદેશી અધિકારક્ષેત્રોમાં રોકાણ ૧.૪૩ બિલિયન ડોલર હતું, જે માર્ચના અંતમાં ૮૪૨ મિલિયન ડોલર કરતાં લગભગ ૭૦ ટકા વધુ છે. દરમિયાન, ગિફ્ટ સિટીમાંથી સંચાલિત પીએમએસ સંપત્તિ એપ્રિલ-જૂન કવાર્ટર દરમિયાન ૨૩ ટકા વધીને ૧.૪૬ બિલિયન ડોલર થઈ જે માર્ચ ૨૦૨૫ના અંતમાં ૧.૧૮ બિલિયન ડોલર હતી. આ વિકલ્પનો ઉપયોગ મોટે ભાગે એચએનઆઈ અને ફેમિલી ઓફિસો દ્વારા કરવામાં આવે છે.

# અરવલ્લી જિલ્લામાં મહેસુલી તલાટી વર્ગ ત્રણ ની પરીક્ષામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવામાં આવી

આજ રોજ અરવલ્લી જિલ્લામાં મહેસુલી તલાટી વર્ગ ત્રણ ની પરીક્ષામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવામાં આવી જેમાં જિલ્લા માં ૧૭ પરીક્ષા બિલ્ડીંગ ઉપર પરીક્ષા યોજાઈ તે તમામ બિલ્ડિંગ ઉપર ૧૭ કેન્દ્ર સંચાલક ૧૭ મંડળ ના પ્રતિનિધિ ૧૭ તકેદારી સુપરવાઈઝર ૧૭ સીસીટીવી કે સુપરવાઈઝર ઉપરાંત ખાંડ દીઠ ખાંડ નિરીક્ષક અને ત્રણ ખંડ દીઠ એક સુપરવાઈઝરની નિમણૂક આપવામાં આવેલ સરદાર પરીક્ષામાં કુલ ૪,૯૭૭ ઉમેદવાર હતા તે પૈકી ૩,૮૫૪ ઉમેદવાર હાજર રહેલ અને ૧૧૨૩ ઉમેદવાર ગેરહાજર રહેલ આમ હાજરીનું પ્રમાણ ૭૭.૪૪ ટકા જોવા મળેલ છે સરદાર પરીક્ષા માટે જિલ્લા માં ચીફ કો-ઓર્ડીનેટર તરીકે અધિક નિવાસી કલેકટર શ્રીદેવી મકવાણા અને જિલ્લા કોઓર્ડીનેટર તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી મતી ડોક્ટર ઉષાબેન ગામેતી સાહેબના માર્ગદર્શન હેઠળ પરીક્ષા વિચારું રૂપે નિવેદનને કોઈપણ પ્રકારની જે રીતે યોજવામાં આવી જિલ્લામાંના હાજર રહેલ તમામ ઉમેદવારોનું બાયોમેટ્રિક વેરિફિકેશન કરવામાં આવેલ આમ પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયેલ છે

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

**Nog SSO NO: 229**

વિષય: શ્રાદ્ધપક્ષ

વિષય : શ્રદ્ધાભાવે સુખદ શ્રદ્ધાંજલિ

પ્રકાર : ગદ્ય શબ્દો : ૨૮૦

શ્રાધ્ધ એટલે જે વ્યક્તિ પ્રત્યે આપ સર્વેને આદરભાવ સમર્પણ અને ઉમદા ભાવ અર્પણ કરવાનો અવસર એટલે શ્રાદ્ધપક્ષ !




ભાદરવાના આ દિવસો એવા છે કે પૂર્વજો પ્રત્યેના અભાવને વ્યક્ત કરવાના તથા તેઓની જાણે-અજાણે ભક્તિ, યાદગાર ક્ષણો ,બનાવો તેમજ હેતાળ સંવાદોનો સ્મૃતિપટ પર લાવીને કૃતાર્થ થવાનું પર્વ છે.

ભદરવામાં શ્રદ્ધાંજલિરૂપે પૂર્વજોને ભાવતી રસોઈમાં રાજમાં પૂર્વજોને ભાવતી વાનગીઓ રસોઈમાં બનાવીને કાગવાસ નાખી ગાય કુતરાના માધ્યમથી જમાડવાની ભાવના છુપાયેલી રહે છે. આમ તો ગમે ત્યારે તૃપ્ત પૂર્વજો આપણી પેઢી પર સદાય આશીર્વાદ વરસાવીને પ્રગતિ ઈચ્છે છે. આપણી સૌની જિંદગીમાં ઘણા સારા નરસા બનાવો બન્યા કરતા હોય છે.

જ્યારે જિંદગીમાં ખુશી મળે છે ત્યારે પૂર્વજો રાજી હોય અને દુઃખી છે. પરંતુ હવે તે પોતાના હાથમાં સદા નથી. આ ઉપરાંત અન્ય કોઈ વિકલ્પ નથી.જીવનમાં સુખશાંતિ મળે તો તે વખતે પણ મેઘધનુષ ખીલે છે તે માણી લો !

સમય કિમતી છે અને ગુમાવી દેવો ન જોઈએ તે તો પૂર્વજો પણ શીખવે છે .એટલે જે સાચી, પવિત્ર અને નિર્દોષ ભાવના રાખીને મન, વચન અને કર્મ કરવા જોઈએ ! આ ઉપરાંત અન્ય સર્વેને પણ આ વાત સાચી હોઈ તે સમજી વિચારીને નિર્ણય લેવામાં ધ્યાનમાં રાખી લેવું જોઈએ.

દરેક સુખી કે દુઃખી કર્મ કરવા બદલ થાય છે. માટે અમૂલ્ય મળેલ માનવીનું જીવન સમજી દરેક વિચારીને નિર્ણય લઈ શકે છે. પરંતુ કળિયુગમાં હવે તો પૂર્વજોને પણ કર્મ આચર્યું હોય તે મુજબ તેઓ આશીર્વાદ આપી શકે છે .

"જેવું વાવો તેવું લણી શકાય છે "એટલે કરતા પહેલાં આ વાત સાચી વિચારીને આગળ વધી શકાય તેમ છે. જો આ અવગણો તો સત્યને પામવા માટે તૈયાર રહેવું પડશે. આ અંગે પૂર્વજો હિન્દુ શાસ્ત્રોમાં પણ ઉલ્લેખનીય છે અને ભદરવામાં આવી વાતોને સવિશેષ મહત્વ આપવામાં આવે છે.

લેખક -" પ્રપાશી" પરેશ મ.પાઠક

# સિવાના સેવા સમિતિ દ્વારા આયોજિત બચુ ની બેનપણી સિનેમા શો



અમદાવાદઃ શહેરની સિવાના સેવા સમિતિ દ્વારા મોટેરાના પીવીઆર સિનેમા હોલમાં ગુજરાતી ફિલ્મ બચુ ની બેનપણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંગઠનના ઉપપ્રમુખ મુકેશ આર. ચોપડાએ જણાવ્યું હતું કે સંસ્થા ના લગભગ ૪૭૫ સભ્યોએ સાથે મળીને ફિલ્મ જોઈ હતી. ફિલ્મ શો પહેલા, બધા સભ્યોએ એકબીજા સાથે પ્રેમ અને સ્નેહનું આદાનપ્રદાન કર્યું હતું.

'બચુ ની બેનપણી' ફિલ્મમાં હાસ્ય અને લાગણીઓનું સુંદર મિશ્રણ છે, જે દર્શકોને એક ઊંડો સંદેશ આપે છે. ફિલ્મ શીખવે છે કે સમય અને સંબંધોનું મૂલ્ય રાખવું એ જીવનની સૌથી મોટી સંપત્તિ છે. વાર્તાના રમૂજી ઉતાર-ચઢાવ વચ્ચે, એ સ્પષ્ટ થાય છે કે આપણે દરેક ક્ષણ જીવવી જોઈએ, બિનજરૂરી ગંભીરતા છોડીને જીવનનો આનંદ માણવો જોઈએ. આ સાથે, એક સંદેશ પણ છે કે સરળ જીવન, સમજદારીપૂર્વક બચત કરવી અને બિનજરૂરી આડંબર થી દૂર રહેવું એ મુશ્કેલ સમયમાં સહારો છે.




સુરત ખાતે પ્ક્ષ્છ દ્વારા આયોજિત ગેટ ટુ ગેધર અને ફેરવેલ સેરેમની કાર્યક્રમમા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમા શહેર પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના વરદ હસ્તે

# ફેઝ-૨ કન્યા છાત્રાલય તથા રૂ. ૧૦૦ કરોડની 'દીકરી દત્તક યોજના'નું લોકાર્પણ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના વરદ હસ્તે સરદાર ધામ ખાતે ફેઝ-૨ કન્યા છાત્રાલય તથા રૂ. ૧૦૦ કરોડની 'દીકરી દત્તક યોજના'નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સરદાર ધામ ખાતે આવેલી સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા હતા. વધુમાં તેમણે સરદાર ધામના તમામ ટ્રસ્ટીઓ સાથે સીધો સંવાદ કરી રાષ્ટ્ર નિર્માણમાં સરદારધામની ભૂમિકા અંગે સવિશેષ ચર્ચા પણ કરી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે સમાજને ઉલ્લેખી જણાવ્યું હતું કે, દરેક સમાજ આ રીતે જાગૃત બને તો સરકારનું કાર્ય સરળ અને સહજ થઈ જાય. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, પટેલ સમાજ એટલે એવો સમાજ જે અભ્યાસુઓ માટે એક અભ્યાસનો વિષય છે. આ સમાજે સ્થાપેલા ધંધા, રોજગાર, ટ્રાન્સપોર્ટેશન દરેક વિષય અભ્યાસનો છે, કે તેમાં વર્ષો સુધી વર્ચસ્વ કેવી રીતે સ્થાપિત કરી શકાય. વધુમાં, પટેલ સમાજનું સમગ્ર ગુજરાતના વિકાસમાં ખૂબ જ મોટું યોગદાન રહેલું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ કન્યા છાત્રાલયની શરૂઆતને ખૂબ જ ઉમદા કાર્ય જણાવતા ઉમેર્યું હતું કે, દીકરીઓને હોસ્ટેલમાં મુકતા મા બાપ ગભરાય છે, ત્યારે પોતાના સમાજ દ્વારા જ્યારે આવી સુરક્ષિત વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો અંતરિયાળ ગામડાઓમાંથી પણ દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે બહાર આવી પોતાનું ભવિષ્ય સુનિશ્ચિત કરી શકશે.

# સરાલ ચામુંડાનગર પ્રા. શાળામાં સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



ધાનેરા તાલુકાના સરાલ ગામે પ્રાથમિક શાળા તો હતી. પરંતુ ગામથી થોડે દુર ચામુંડા માતાજીના મંદિર પાસે વર્ષો પહેલા ચામુંડાનગર નામે પેટા વર્ગ શરૂ કરવામાં આવેલ અને ધીમે ધીમે બાળકોની સંખ્યા વધતા સ્વતંત્ર શાળા બનાવી હતી. આ ચામુંડાનગર પ્રાથમિક શાળાને ૨૦ વર્ષ પૂર્ણ થયા હતા. તેમજ સરકાર દ્વારા દર શનિવારે બેગલેશ ડે નક્કી કરવામાં આવેલ છે દિવસે શનિવાર હોવાથી બાળકો માટે પણ 'બેગલેશ ડે' હોવાથી આ શાળા પરીવારે સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. જેમાં બાળકોએ વિવિધ કાર્યક્રમો રજુ કર્યા હતા. તેમજ આજના સમયમાં લોકો અંધશ્રધ્ધા તરફ ખેચાયા છે તેને લઈને પણ ભુવાજી ઉપર નાટક રાખવામાં આવ્યુ હતુ. અને લોકો આવી અંધશ્રધ્ધામાં થી બહાર આવવા માટે ખાસ મેસેજ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સંચાલનમાં તમામ સ્ટાફ જોડાયો હતો અને આચાર્ય દ્વારા તમામ બાળકો તેમજ સ્ટાફને શુભકામનાઓ પણ પાઠવી હતી.

# દેશમાં ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર- તાલીમ, સિલેક્સનમાં પારદર્શિતા, સારા પર્ફોર્મરને વિશ્વ રમતોમાં દેશના પ્રતિનિધિત્વની તક જેવા મોટા બદલાવો સ્પોર્ટ્સ ક્ષેત્રે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આવ્યા છેઃ ગૃહ મંત્રીશ્રી અમિત શાહ

ઓલિમ્પિક ૨૦૩૬ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ પામી રહ્યું છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરામાં ?૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું.રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓના આયોજન માટે સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી મનસુખ માંડવિયા, રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રમતગમત રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા મેયર શ્રી પ્રતિભા જૈન ઉપસ્થિત રહ્યા હતા.દેશના ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ અર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ખેલકૂદ સ્પોર્ટ્સ ભારતનો આત્મા છે. રમતગમતની શરૂઆત ભારતમાં થઈ હતી અને ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે ત્યારે ખેલકૂદ ક્ષેત્રમાં અવ્વલ સ્થાને રહેવું એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.તેમણે કહ્યું કે, દેશમાં ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર- તાલીમ-સિલેક્સનમાં પારદર્શિતા - સારા પર્ફોર્મરને વિશ્વ રમતોમાં દેશના પ્રતિનિધિત્વની તક જેવા મોટા બદલાવો સ્પોર્ટ્સ ક્ષેત્રે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આવ્યા છે. પાછલા ૧૦ વર્ષમાં ભારતના સ્પોર્ટ સેક્ટરનું પરિદ્રશ્ય સંપૂર્ણપણે બદલાઈ ગયું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, વીર સાવરકર સ્પોર્ટ્સ સંકુલ આધુનિક વિશાળ અને પરિપૂર્ણ છે. લોકાર્પણ પહેલાં જ બે મોટી સ્પર્ધાઓ અહીં યોજાઇ ચૂકી છે. અહીં રમવા આવેલા દેશ વિદેશના ખેલાડીઓ, તેમના ખેલકૂદ મંડળોના અધ્યક્ષોએ પ્રતિભાવ આપ્યો છે કે, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સુવિધાઓ વર્લ્ડ ક્લાસ છે, આધુનિક છે.મંત્રીશ્રીએ અમદાવાદના નારણપુરા સ્થિત સ્પોર્ટ કોમ્પ્લેક્સને સ્વાતંત્ર સેનાની વીર સાવરકરનું નામ આપવા સંદર્ભે જણાવ્યું કે, મહાન સ્વાતંત્ર વીર સાવરકર ખૂબ જ માહેર તરવૈયા હતા. અંગ્રેજોની ચુન્ગાલ માંથી છૂટવા તેઓ આગબોટમાંથી બેડીઓ સાથે કૂદીને, દરિયો ઓળંગીને ફ્રાન્સ પહોંચ્યા હતા.

# ફતીન નઈમ તિરમિઝીનો વિજયઃ પેરાઝી ઈન્ડિયા કપ ૨૦૨૫ના પ્રથમ ચેમ્પિયન બનતા અમદાવાદ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું




અમદાવાદના યુવા આશાસ્પદ શૂટર ફતીન નઈમ તિરમિઝી એ જયપુરમાં યોજાયેલી પ્રથમ પેરાઝી ઈન્ડિયા કપ ૨૦૨૫ જેવી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સ્તરની શોટગન શૂટિંગ ટુર્નામેન્ટમાં વિજય હાંસલ કર્યો.

આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપનું આયોજન પેરાઝી (ઈટાલીના વિશ્વપ્રસિદ્ધ પ્રીમિયમ શોટગન ઉત્પાદક) અને આર્મી પેરાઝી ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરના શ્રેષ્ઠ શૂટર્સ — ઓલિમ્પિક અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓથી લઈ રાષ્ટ્રીય ચેમ્પિયન્સ અને યુવા પ્રતિભાઓએ ભાગ લીધો હતો.

આ વ્યક્તિગત કઠીન સ્પર્ધા વચ્ચે, ફતીન તિરમિઝી ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યા, અને રાષ્ટ્રીય શૂટિંગ મંચ પર પોતાની છાપ છોડી — પરિવાર, શહેર અને રાજ્યનું ગૌરવ વધાર્યું હતું અને તેમની કલગી માં સુવર્ણ પીચ્છ ઉમેરાયું હતું.

તેમને ચેમ્પિયન ટ્રોફી અને પ્રથમ ઈનામ રૂપે પેરાઝી હાઈ-ટેક શોટગન એનાયત કરવામાં આવી, જેનો વિતરણ આઈએસએસએફ વર્લ્ડ કપ મેડાલિસ્ટ અને રાજસ્થાનના સ્ટેટ આઈકન વિવાન કપૂર દ્વારા કરવામા આવ્યું.

ફતિન તીરમિઝી ના કોચ અમન શર્મા છે અને તેઓ ક્રાઉન શૂટિંગ અને સ્પોર્ટ્સ એકેડમી ગાંધીનગર નું પ્રતિનિધિત્વ કરે છે.

# અમદાવાદ-ગુવાહાટીની ઈન્ડિગો ફ્લાઈટમાં ટેકનિકલ ખામીઃ સવારના ૮:૨૦એ ટેક-ઓફ થનારી ૬ઈ-૬૪૪૧ ફ્લાઈટ રદ




અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ગુવાહાટી જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સર્જાતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. સવારે ૮:૨૦ વાગ્યે ટેક-ઓફ થનારી ફ્લાઈટ ૬ઈ-૬૪૪૧, ટેકનિકલ ખામીને કારણે રદ કરવામાં આવી છે. મુસાફરોને લગભગ અઢી કલાક સુધી ફ્લાઈટમાં બેસી રાખવામાં આવતા મુસાફરો પણ અટવાયા હતા.

ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૬૪૪૧, જે બોઈંગ એરક્રાફ્ટ હતું, સવારે ૮:૨૦ વાગ્યે અમદાવાદથી ગુવાહાટી માટે ઉડાન ભરવાની હતી. ફ્લાઈટ ટેક-ઓફ માટે રનવે પર પહોંચી, પરંતુ પાયલટે એન્જિનમાં ખામી હોવાનું જાહેર કરતા ફ્લાઈટ ટેક-ઓફ કરી શકી નહીં. આ જાણકારી મળવા છતાં, મુસાફરોને લાંબા સમય સુધી ફ્લાઈટની અંદર જ બેસાડી રાખવામાં આવ્યા હતા. સવારે ૧૦:૪૫ વાગ્યે તમામ મુસાફરોને ફ્લાઈટમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા.

ફ્લાઈટ રદ થયા બાદ, અમદાવાદ એરપોર્ટ સાથે સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, મુસાફરોને બીજી વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. તો ઈન્ડિગો એરલાઈન્સનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં ફ્લાઈટ ટેક ઓફ થશે, જે બાદ ૧ વાગ્યાની આસપાસ ફ્લાઈટે ઉડાન ભરી હતી. મુસાફરોને લગભગ અઢી કલાક સુધી રનવે પર ફ્લાઈટમાં જ બેસી રહેવું પડ્યું હતું. જોકે, અઢી કલાક સુધી ફ્લાઈટમાં જ બેસી રહેતા મુસાફરો અટવાયા હતા.

# સેક્ટર-૭ માંથી ડમ્પિંગ સાઈટ ખસેડવા મ્યુનિસિપલ કોર્પોરેશનને રજૂઆત: સ્થાનિક રહીશો અને વેપારીઓ સાથે મળીને કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યું




ગાંધીનગરના હાર્દસમા અને પોશ વિસ્તાર ગણાતા સેક્ટર-૭માં ઘન અને પ્રવાહી કચરાના ડમ્પિંગથી સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અંદાજે ૨૦૦થી વધુ નાગરિકોએ આ મુદ્દે મ્યુનિસિપલ કોર્પોરેશનને રજૂઆત કરી છે. આજે કોંગ્રેસના નેજા હેઠળ વેપારીઓએ વિરોધ પ્રદર્શન કરીને તાત્કાલિક ધોરણે ડમ્પિંગ સાઈટ ખસેડવાની માગણી કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ નિશિત વ્યાસે મનપાના વહીવટ પર આકરા પ્રહારો કર્યા છે.સેક્ટર-૭માં આવેલી શ્રી રામ એવન્યુ, સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્સ, શાકભાજી માર્કેટ, શોપિંગ સેન્ટરો અને અન્ય રહેણાંક વિસ્તારોના નાગરિકો છેલ્લા કેટલાક સમયથી આ ડમ્પિંગ સાઈટને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ વિસ્તારમાં સતત દુર્ગંધ આવતી હોવાથી આરોગ્યને ગંભીર નુકસાન પહોંચી રહ્યું છે અને રોગચાળો ફાટી નીકળવાની સંભાવના પણ વધી છે.

નિશિત વ્યાસે વધુમાં કહ્યુ કે, સેક્ટર-૭માં ૧૫૦થી વધુ શાકભાજીના વેપારીઓ, નાના આઉટલેટ્સ, કોમ્યુનિટી હોલ, જૈન મંદિર, ભારત માતાનું મંદિર અને શૈક્ષણિક સંસ્થાઓ આવેલા છે. આ વિસ્તારમાં લોકોની સતત અવરજવર રહે છે. ડમ્પિંગ સાઈટને કારણે અહીં આવતા નાગરિકો અને વાહનચાલકો પણ ત્રાસી ગયા છે, જેના પરિણામે વેપારીઓના ધંધા પર પણ માઠી અસર પડી રહી છે. સ્થાનિકોએ અગાઉ આ ડમ્પિંગ સાઈટનો વિરોધ કર્યો હોવા છતાં મનપા દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.કોંગ્રેસના નેતા નિશિત વ્યાસે આ ડમ્પિંગ સાઈટને 'અણઘડ વહીવટનો આદર્શ નમૂનો' ગણાવી છે. તેમણે જણાવ્યું કે ગાંધીનગર એક કેપિટલ સિટી છે, જેની સ્થાપના ધુમાડા અને પ્રદૂષણ મુક્ત શહેર તરીકે થઈ હતી. આવા સંવેદનશીલ વિસ્તારમાં કચરાનો નિકાલ કરવો એ નિયમોનું ઉલ્લંઘન છે. તેમણે આક્ષેપ કર્યો કે મનપા ડમ્પિંગ માટે નિર્ધારિત કરેલી દૂરની જગ્યાને બદલે સેક્ટર-૭ માં કચરો એકત્રિત કરીને પરોક્ષ રીતે કોન્ટ્રાક્ટરને ફાયદો પહોંચાડી રહી છે.તેને(નિશિત વ્યાસે) રાજભવનના ક્વાર્ટર્સ અને સરગાસણ તરફના પમ્પિંગ સ્ટેશન પાસે આ ડમ્પિંગ સાઈટ ખસેડવાની ભલામણ કરી છે. તેને મનપાને અપીલ કરી છે કે આશરે ૫૦૦ વેપારીઓ અને અસંખ્ય નાગરિકોના આરોગ્ય અને સુખાકારીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક આ સમસ્યાનું નિવારણ લાવવામાં આવે.



માનવ સેવા સંગઠન ધાનેરા દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે ૧૭૫ પુસ્તકો પુસ્તક પરબને આપી અને અનોખી રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબનો જન્મદિવસની ઉજવણી કરવામાં આવીધાનેરા માં પુસ્તક ની પરબ ને દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના જન્મ દિવસ નિમિતે ધાનેરા માનવસેવા સંગઠન દ્વારા ૧૭૫ પુસ્તકો ભેટ આપી વડાપ્રધાન મોદી સાહેબ ના જન્મ દિવસ ની સાચી ઉજવણી કરી...ઘણા સમય થી ધાનેરા માં પુસ્તક ની પરબ ચલાવનાર દિનેશભાઈ ચૌહાણ જે ખુબજ સારુ કામ કરી રયા છે અને પુસ્તક પ્રેમી ઓ ને સારી પુસ્તિકાઓ મળી રહે તે માટે ના તમામ પ્રયત્ન કરતા હોય છે ત્યારે આજે ધાનેરા નું માનવસેવા સંગઠન પણ આગળ આવ્યું હતું અને આ પુસ્તક ની પરબ ને ૧૭૫ જેટલાં પુસ્તકો ભેટ આપવામાં આવી હતી દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ ના જન્મ દિવસ નિમિતે ધાનેરા માનવ સેવા સંગઠન ના પ્રમુખ અનિલભાઈ રાઠોડ તેમજ તેમની ટીમ દ્વારા ૧૭૫ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા...

# ખરીફ વાવેતર:જિલ્લામાં સિઝનનો વરસાદ-વાવેતર ૯૭% પહોંચ્યું

પાંચ તાલુકામાં ૧૦૦% વરસાદ : વિજાપુર, વિસનગર, ખેરાલુ અને સતલાસણામાં સિઝનનું ૧૦૦% વાવેતર થયું

સૌથી વધુ દિવેલાનું ૯૩,૯૮૬ મગફળીનું ૨૪,૭૧૦ હેક્ટર કઠોળ પાકોનું ૧૨૫૨૬ હેક્ટરમાં વાવેતર કરાયું?મહેસાણા જિલ્લામાં સરેરાશ ૨૯.૦૬ ઇંચ વરસાદની જરૂરિયાત સામે ૨૮.૨૦ ઇંચ વરસાદ થઇ ચૂક્યો છે. જ્યારે ખરીફ સિઝનમાં ૨,૭૯,૯૫૯ હેક્ટર જમીનમાં વાવેતરના અંદાજ સામે ૨,૭૧,૯૯૮ હેક્ટરમાં વાવેતર થઇ ચૂક્યું છે. એટલે કે, જિલ્લામાં સરેરાશ ૯૭.૦૫% વરસાદ સામે ૯૭.૧૬% વાવેતર થઇ ચૂક્યું છે.એક તરફ ખેરાલુ, સતલાસણા, વડનગર, વિજાપુર અને વિસનગરમાં ૧૦૦% વરસાદ થઇ ચૂક્યો છે, તો બીજી તરફ વિજાપુર, વિસનગર, ખેરાલુ અને સતલાસણામાં સિઝનનું ૧૦૦% વાવેતર થઇ ચૂક્યું છે.તેલીબીયાં પાકોનું ૧,૧૯,૪૩૭ હેક્ટરમાં વાવેતર થયું છે. જેમાં દિવેલાનું સૌથી વધુ ૯૩૯૮૬ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે મગફળીનું ૨૪૭૧૦, તલનું ૭૨૫ અને સોયાબીનનું ૧૬ હેક્ટરમાં વાવેતર થયું છે.કઠોળ પાકોનું ૧૨૫૨૬ હેક્ટરમાં વાવેતર થયું છે. જેમાં અડદનું સૌથી વધુ ૬૯૩૮ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે તુવેરનું ૨૯૫૩, મગનું ૧૨૭૨ અને મઠનું ૧૩૬૩ હેક્ટરમાં વાવેતર થયું છે. ધાન્ય પાકોનું ૧૨૨૬૦ હેક્ટરમાં વાવેતર થયું છે.જેમાં ડાંગરનું સૌથી વધુ ૯૭૬૧ હેક્ટરમાં વાવેતર થયું છે. જ્યારે બાજરીનું ૨૧૯૬, મકાઇનું ૨૮૪ અને જુવારનું ૧૯ હેક્ટરમાં વાવેતર થયું છે.આ ઉપરાંત કપાસનું ૨૭૮૧૫ હેક્ટરમાં, ગુવારનું ૧૨૧૮૦ હેક્ટરમાં, શાકભાજીનું ૧૨૬૦૬ હેક્ટરમાં, ઘાસચારાનું ૭૧૬૮૯ હેક્ટરમાં, શણનું ૫૫૦ વરિયાળીનું ૨૯૨૧ હેક્ટરમાં અને અન્ય પાકોનું ૧૪ હેક્ટરમાં વાવેતર થયું છે.

# શાકભાજીના ભાવમાં ભડકો: ટામેટાનું ઉત્પાદન વધતાં ભાવ ઘટ્યા અઠવાડિયામાં રૂ.૫૦ના ૧૫ રૂપિયે કિલો થઈ ગયા

અઠવાડિયા દસ દિવસ પૂર્વે વરસાદને લઈ ટામેટા સહિત કેટલીક શાકભાજીના ભાવમાં એકદમ ઉછાળો આવી ગયો હતો. જે કોરું નીકળતાં અઠવાડિયા પછી જે ટામેટા ૫૦ રૂપિયે કિલો વેચાતા હતા, તેનો ભાવ શનિવારે હોલસેલમાં ૧૫ રૂપિયે કિલો થઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, મહેસાણા શાક માર્કેટના હોલસેલના વેપારીના જણાવ્યા મુજબ, ટામેટા લોકલ ક્યાંયથી આવતાં જ નથી. તે મહારાષ્ટ્રના નાસિક અને મધ્યપ્રદેશથી આવી રહ્યા છે અને ત્યાં અછત હોવાથી અઠવાડિયા પૂર્વે તેના ભાવ એકદમ ટાઈટ થઈ ગયા હતા અને અત્યારે જેમ જેમ માલ આવી રહ્યો છે તેમ તેમ ટામેટાનો ભાવ પણ તળિયે જઈ રહ્યો છે. બીજી તરફ, અઠવાડિયા પૂર્વે ગીલોડી અને ગવાર સહિતના શાકભાજી હોલસેલમાં જે સસ્તા હતા તે ૧૦ દિવસ પછી અત્યારે તેનો ભાવ ડબલ કે ત્રણ ગણો કે ચાર ગણો થઈ ગયો છે.



શહેરની મોટી શાક માર્કેટના હોલસેલના વેપારી સાજીદભાઈના જણાવ્યા મુજબ, વરસાદને લીધે પાક બગડી ગયો હોવાથી દસ દિવસ પહેલાં હોલસેલમાં ૩૦ રૂપિયા કિલોના ભાવે કાઠીયાવાડથી આવતો ગવાર મળતો હતો.તે શનિવારે હોલસેલમાં પણ ૧૨૦ રૂપિયાથી મળી રહ્યો છે. તેવી જ રીતે ગિલોડી ૧૫૦ રૂપિયા કિલો અને વટાણા ૧૮૦ થી ૨૦૦ રૂપિયા કિલોના ભાવે મળી રહ્યા છે. જ્યારે, એકમાત્ર મરચા લોકલ આવી રહ્યા હોવાથી તે હોલસેલના ભાવે ૨૫ થી ૩૦ રૂપિયા કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.આમ, વરસાદે શાકભાજીના પાકને બગાડી દેતાં ખાવાલાયક મોટાભાગની શાકભાજીના ભાવ હાલ આસમાને પહોંચતાં ગૃહિણીઓના શાકભાજીના બજેટ ઉપર પણ અસર પડી છે. ભાવ વધારાની આ અસર હજુ થોડાક દિવસો રહી શકે છે.

# રૂપાલ પલ્લી મેળાને પગલે તમામ માર્ગોના ખાડા પુરવા પેચવર્ક કરાયું

રૂપાલ પલ્લીમેળામાં લાખો લોકો ઉમટી પડતા હોય છે. ત્યારે રૂપાલ ગામમાં પ્રવેશતા આસપાસના ગામોના માર્ગો ઉપર ખાડાઓ પડી ગયા છે. પડેલા ખાડાઓને પુરાણ કરીને પેચવર્કની કામગીરી બાંધકામ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. તેમાં રૂપાલ ગામની આસપાસના વાસન, કલોલ, સોનીપુર સહિતના માર્ગો ઉપર પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના રૂપાલ ગામમાં વરદાયની માતાજીની પલ્લી આસો સુદ નોમના દિવસે નિકાળવામાં આવે છે. પાંડવકાળથી નિકળતી માતાજીની પલ્લી ચાલુ વર્ષે ૩૦મી, સપ્ટેમ્બરના રોજ નિકળશે. આ દિવસે પલ્લીમેળાને લઈને જિલ્લા તંત્ર દ્વારા આયોજન કરવામાં આવે છે. તેમાં પલ્લીમેળામાં આવતા લોકોને તકલીફ પડે નહી તેની તકેદારી રાખવામાં આવી રહી છે. ત્યારે પલ્લીમેળામાં લોકો નાના મોટા વાહનો લઈને આવતા હોય છે. ઉપરાંત પલ્લીમેળાને પગલે રૂપાલ ગામની આસપાસના ગામોને જોડતા આંતરિક માર્ગો ઉપર નાના મોટા ખાડા પડી જવાથી ઉબડ ખાબડ જેવી હાલત રોડની બની જવા પામી છે.

ત્યારે ઉબડ ખાબડ બનેલા રૂપાલ ગામને જોડતા માર્ગોના ખાડાઓને તાકિદે પુરાણ કરીને પેચવર્ક કરવાની સુચના જિલ્લા વિકાસ અધિકારી બી.જે.પટેલે બાંધકામ શાખાના મુખ્ય ઈજનેર તેજસ માંગુકિયાને આપી હતી. જે અંતર્ગત બાંધકામ શાખા દ્વારા રૂપાલ ગામને જોડતા આસપાસના ગામોના ઉબડ ખાબડ બનેલા માર્ગો ઉપર પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમાં વાસન, સોનીપુર, કલોલ તરફથી આવતા તમામ માર્ગો ઉપર પેચવર્કની કામગીરી કરવામાં આવી છે.

# ડૉ. તોગડિયાની કલોલ મુલાકાત:હિન્દુ સંગઠનને મજબૂત બનાવવા કાર્યકર્તાઓ સાથે બેઠક યોજાઈ




આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળના રાષ્ટ્રીય નેતા ડૉ. પ્રવીણભાઈ તોગડિયાએ કલોલની મુલાકાત લીધી. તેરસાના પરા વિસ્તારથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો.ડૉ. તોગડિયાએ કાર્યકર્તાઓને હનુમાન ચાલીસા પઠનના આયોજન માટે માર્ગદર્શન આપ્યું. તેમણે શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યકર્તાઓની મુલાકાત લીધી. સત્યનારાયણ મંદિરે દર્શન કર્યા બાદ કાર્યકર્તાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી.


બેઠકમાં હિન્દુ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટેની વિવિધ યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવી. ડૉ. તોગડિયાએ કાર્યકર્તાઓને સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સક્રિય રહેવા અપીલ કરી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા અને કલોલ તાલુકાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના નારણપુરામાં વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન, રમતગમતમાં ગુજરાતને નવી ઓળખ મળશે

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે અમદાવાદના નારણપુરામાં આંતરરાષ્ટ્રીય સ્તરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં રમાશે અને ભારત ૨૦૩૬ની ઓલિમ્પિક્સ માટે પણ પ્રયાસ કરી રહ્યું છે.આ કોમ્પ્લેક્સના ઉદ્ઘાટન સમારોહમાં અમિત શાહે જણાવ્યું કે, આ ગ્રીન બેલ્ટ વર્ષ ૧૯૬૦થી ખાલી પડ્યો હતો, પરંતુ હવે તેનો એક વિશ્વ-કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તરીકે વિકાસ થયો છે. તેમણે આ પ્રોજેક્ટ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો.ગૃહમંત્રીએ કહ્યું, ×વર્ષ ૨૦૧૯ પછી હું વડાપ્રધાન પાસે ગયો અને કહ્યું હતું કે મારા ઘરથી ૪૦૦ મીટર દૂર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવું છે. બાદમાં મને વડાપ્રધાને સામેથી બોલાવીને કહ્યું હતું કે, 'સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવો પરંતુ વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવો.'તેમણે ઉમેર્યું કે, આ કોમ્પ્લેક્સ દુનિયાનું સૌથી આધુનિક અને ભારતનું સૌથી મોટું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે, જે સંપૂર્ણપણે ગ્રીન ટેકનોલોજી પર આધારિત છે. આ કોમ્પ્લેક્સમાં વિવિધ રમતો માટે તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે, જેમાં 'ફિટ ઈન્ડિયા ઝોન'નો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, 'ભારતને મેડલ અપાવવું એ આપણો લક્ષ્ય હોવો જોઈએ.'

આ ઉપરાંત, કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે (૧૪ સપ્ટેમ્બર) સવારે અમદાવાદ અને ગાંધીનગરમાં કુલ ચાર કાર્યક્રમોમાં હાજરી આપી હતી.






તેમણે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'હિન્દી દિવસ સમારોહ ૨૦૨૫' અને '૫મા અખિલ ભારતીય રાજભાષા સંમેલન'નો શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ તેમણે અમદાવાદના સરદાર પટેલ રિંગરોડ પર આવેલા સરદારધામ કન્યા છાત્રાલયના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પછી તેમણે નારણપુરામાં આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.